# 44

રાજ્ય માલિકીની એરસ્ટ્રીપ વિકસાવવાની કામગીરી

* **15/3/481**: ડૉ. તુષાર ચૌધરી (ખેડબ્રહ્મા) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે**,**

| ક્રમ | પ્રશ્ન | ક્રમ | જવાબ |
|---|---|---|---|
| (૧) | અંબાજી, દ્વારકા. મોરબી, દહેજ, પાલીતાણા, ધોળાવીરા, રાજકોટ, અંકલેશ્વર, પરસોલી, રાજપીપળા, માંડવી, વણોદ(બેચરાજી) અને બગોદરા ખાતે રાજ્યની માલિકીની એરસ્ટ્રીપ વિકસાવવાનું આયોજન હતું, તે કામગીરી પ્રગતિમાં હતી તો તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ કેટલી એરસ્ટ્રીપનુ કામ પૂર્ણ થયું, | (૧) | રાજકોટ એરપોર્ટ અને માંડવી એરસ્ટ્રીપનું કામ પૂર્ણ થયેલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ કઈ એરસ્ટ્રીપ વિકસાવવાની બાકી છે અને તેની કામગીરી કયાં તબક્કે છે, | (૨) | • અંબાજી, દ્વારકા, ધોળાવીરા, પરસોલી, રાજપીપળા અને બગોદરા ખાતે એરસ્ટ્રીપ વિકસાવવા જમીન મેળવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.<br>• મોરબી ખાતે કમ્પાઉન્ડ વોલ બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે. વધુમાં એરસ્ટ્રીપ વિસ્તરણ માટે વધારાની જમીન મેળવવાની કામગીરી પ્રગતિમાં છે.<br>• દહેજ અને પાલીતાણા ખાતે એરસ્ટ્રીપ વિકસાવવા પ્રી–ફીઝીબીલીટી સ્ટડી કર્યા બાદ આગળની કામગીરી હાથ ધરવામાં આવશે.<br>• અંકલેશ્વર ખાતે એરસ્ટ્રીપ બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે.<br>• વણોદ(બેચરાજી) ખાતે હવાઇપટ્ટી વિકસાવવાની કામગીરી વિચારણા હેઠળ છે. |
| (૩) | બાકી એરસ્ટ્રીપને ક્યાં સુધીમાં વિકસાવવામાં આવશે, અને | (૩) | બાકી એરસ્ટ્રીપ નિયમાનુસાર કાર્યવાહી હાથ ધર્યા બાદ વિકસાવવામાં આવશે. |
| (૪) | છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અંગે કઈ એરસ્ટ્રીપ માટે કેટલો ખર્ચ કરવામાં આવેછે**?** | (૪) | (નીચે કોષ્ટક) |

| વર્ષ | એરસ્ટ્રીપ | ખર્ચ (લાખમાં) |
|---|---|---|
| તા.૦૧/૦૮/ ૨૦૨૧ થી ૩૧/૦૭/૨૦૨૨ | મોરબી | રૂ.૨૪.૩૪ |
| | રાજકોટ | રૂ.૬૭૨૧.૮૫ |
| | માંડવી | રૂ.૬૬.૫૬ |
| | અંકલેશ્વર | રૂ.૬૨.૯૬ |
| તા.૦૧/૦૮/૨૦૨૨ થી ૩૧/૦૭/૨૦૨૩ | માંડવી | રૂ.૫૭.૭૬ |
| | અંકલેશ્વર | રૂ.૨૧.૮૭ |
| | રાજપીપળા | રૂ.૦.૧૦ |
| | રાજકોટ | રૂ.૪૫૦.૬૫ |

---